# 116th meeting of the India-Pakistan Permanent Indus Commission

March 24, 2021

---

# ભારત-પાકિસ્તાન કાયમી સિંધુ પંચની 116મી બેઠક

માર્ચ 24, 2021

કાયમી સિંધુ પંચ (પીઆઇસી)ની વાર્ષિક બેઠક 23-24 માર્ચ, 2021 દરમિયાન નવી દિલ્હી ખાતે યોજવામાં આવી હતી જેમાં ભારત અને પાકિસ્તાનના સિંધુ પંચનો સમાવેશ થાય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે 1960માં કરવામાં આવેલી સિંધુ જળસંધિ હેઠળ બંને પંચોએ દર વર્ષે ઓછામાં ઓછા એક વખત મળવાનું હોય છે. આ બેઠક વારાફરથી ભારત અને પાકિસ્તાનમાં યોજાય છે. ગયા વર્ષે કોવિડ-19 મહામારીની સ્થિતિના કારણે નિયંત્રણો હોવાથી આ બેઠક યોજી શકાઈ ન હતી.

ભારતના બે પ્રોજેક્ટ- પાકલ ડેમ (1000 મેગાવોટ) અને લોઅર કલનાઈ (48 મેગાવોટ)ની ડિઝાઇન અંગે ચર્ચા ચાલુ રહી હતી. ભારતે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટમાં સંધિની જોગવાઈનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે અને ભારતે પોતાના પક્ષના ટેકામાં ટેકનિકલ ડેટા પૂરો પાડ્યો હતો.

પાકિસ્તાને બીજા ભારતીય હાઇડ્રોપાવર પ્રોજેક્ટની ડિઝાઇનની માહિતી આપવા પણ ભારતને વિનંતી કરી હતી જેને વિકસાવવાનું આયોજન હોય. ભારતે ખાતરી આપી હતી કે સંધિની જોગવાઈ હેઠળ જ્યારે જરૂર પડશે ત્યારે આ માહિતી આપવામાં આવશે.

આ બેઠક મૈત્રીપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. બંને પંચોએ સંધિ હેઠળ દ્વિપક્ષીય ચર્ચા દ્વારા પ્રશ્નોના ઉકેલ માટે વધુ બેઠકો યોજવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. પીઆઇસીની આગામી બેઠક પરસ્પર અનુકુળ તારીખોએ પાકિસ્તાનમાં યોજવા માટે સહમતી સાધવામાં આવી હતી.

**નવી દિલ્હી**

**માર્ચ 24, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.